જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦, ૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૦/૦૩/૨૦૧૭ શુક્રવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં**
**આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરીઃ-** સમાચાર યાદી નં.૪૯૮/૧૭

**શહેરકોટડા પોલીસ સ્ટેશન :**

## છેલ્લા બે વર્ષથી રાયોટીંગના ગુન્હામા નાસતા ફરતા આરોપીને પકડી પાડતો શહેરકોટડા પોલીસ સ્ટેશનનો નાસ્તો ફરતો સ્કોર્ડ

સંયુકત પોલીસ કમિશ્નરશ્રી પિયુષ પટેલ સાહેબ શ્રીની સુચનાથી નાયબ પોલીસ કમિશ્નર ઝોન-૩ એન.એ.મુનીયા સાહેબ તથા એ.સી.પી. શ્રી બળદેવ દેસાઇ સાહેબ ના માર્ગદર્શન મુજબ પોલીસ ઇન્સપેકટર શ્રી એસ.એમ.ચૌધરી સાહેબની સુચનાથી પો.સ.ઇ. જે.એ.બારોટ તથા નાસતા ફરતા સ્કોર્ડના માણસો સાથે અમદાવાદ શહેરના નાસતા ફરતા/પાસા વોન્ટેડ આરોપી પકડવા સારૂ પેટ્રોલીંગમા હતા દરમ્યાન અનીલ ત્રણ રસ્તા ખાતેથી શહેરકોટડા પોલીસ સ્ટેશનના રાયોટીંગના ગુનામા છેલ્લા બે વર્ષથી નાસતા ફરતા આરોપી નામે આશીષભાઇ હસમુખભાઇ ઉ.વ.૨૬ રહે મ.નં.૧૩૮/૨ નાની સાળવીવાડ સરસપુર અમદાવાદ શહેર નાને આજરોજ તા.૧૦/૩/૨૦૧૭ ના રોજ કલાક ૧૧/૩૦ વાગે મળી આવતા શહેરકોટડા પો.સ્ટે. ના ફસ્ટ ગુ.ર.નં.-૧૭૭/૧૫ ઇ.પી.કો. કલમ ૧૪૩, ૧૪૭, ૩૩૨, ૩૩૭, ૪૩૫ તથા પબ્લીક પ્રોપર્ટી ડેમેજ એકટ કલમ ૩, ૭ મુજબ અટક કરેલ હોય.

સદરી આરોપીની વધુમા પુછપરછ કરતા ગઇ તા.૨૫/૮/૨૦૧૫ ના રોજ રાત્રીના કલાક ૨૧/૩૦ વાગ્યાના સુમારે ગેરકાયદેસર મંડળી રચી આશરે પાંચસો માણસોના ટોળાએ સરસપુર ચાર રસ્તા ખાતે આવી પોલીસ વિરુધ્ધમા સુત્રોચાર કરતા હતા અને પોલીસ ઉપર પથ્થરમારો કરી અને સરસપુર ચોકીનુ બોર્ડ, એલસીડી કોમ્પ્યુટર, ખુરશી ટેબલ, બાકડા, રજીસ્ટરોને આગ લગાડીને ચોકીને નુકશાન કરેલ અને શહેરકોટડા વન ગાડીનો કાચ પણ તોડી નાંખી તેમજ પોલીસના બીજા વાણનોને પથ્થર મારી તેમજ અન્ય સાધનોથી નુકશાન પહોંચાડેલ હતુ જેની શહેરકોટડા પોલીસ સ્ટેશન ખાતે ફ.૧૭૭/૧૫ ધી ઇ.પી.કો. કલમ ૧૪૩, ૧૪૭, ૩૩૨, ૩૩૭, ૪૩૫ તથા પબ્લીક પ્રોપર્ટી ડેમેજ એકટ કલમ ૩. ૭ થી ફરીયાદ દાખલ થતા ઉપરોકત આરોપી નાસતા ફરતા હોય જેને ખાનગી બાતમી આધારે આજરોજ પકડી અને કાયદેસરની કાર્યવાહી કરેલ હતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**<u>સરદારનગર પોલીસ સ્ટેશન :</u>**

આજરોજ નારોજ મે. પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા સંયુક્ત પોલીસ કમિશ્નરશ્રી સેક્ટર-૨ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૪ નાઓના માર્ગદર્શન હેઠળ તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી 'જી' ડીવીઝન નાઓની સુચનાથી સીનીયર પો.ઇન્સ શ્રી એચ.બી ઝાલા તથા સ્ટાફના પો.સ.ઇ પી.જે.ખરસાણ તથા મ.સ.ઇ અરવીંદસિંહ શંકરસિંહ બ.ન ૬૪૦૯ તથા હે.કો. જયેન્દ્રસિંહ લાલસિંહ બ.નં ૭૬૬૪ તથા પો.કો સંદીપસીંહ કોદરસીંહ બનં ૩૫૦૩ તથા પો.કો પ્રવિણસીંહ દેવેન્દ્રસીંહ બનં.૨૦૮૯ તથા પોકો દર્શનસીંહ પ્રવિણસીંહ બનં. ૬૧૫૬ તથા પો.કો. શકિતસીંહ લાલુભા બનં. ૩૧૨૯ તથા પો.કો વિક્રમસિંહ સુખદેવસિંહ બ.નં ૬૨૧૯ તથા પોકો ક્રીપાલસિંહ અનવરસિંહ બ.નં:૨૭૯૨ તથા પોકો કપીલકુમાર કાંતીભાઈ બ.ન.૨૦૧૮ તથા પો.કો.ઈમરાનખાન સિકંદરખાન બ.ન.૧૯૬૧ તથા બીજા સ્ટાફ ના માણસો કુબેરનગર ચોકી વિસ્તાર માં પેટ્રોલીંગમાં હતા. દરમ્યાન કુબેરનગર રેલ્વે ક્રોસીંગ પાસે આવતા બાતમી હકીકત મળેલ કે રેખાનારુ ના મકાન ની બાજુમા કુબેરનગર છારાનગર રોડ નદુભાઈ છારા ના મકાન મા કેટલાક ઇસમો હાર જીતનો જન્ના મન્ના નો જુગાર રમી રમાડે છે જે હકીકત આધારે બે પંચોના માણસો સાથે રેડ કરતા કેટલાક માણસો જુગાર રમતા હતા. જેઓના નામ ઠામ પુછતા <u>(૧) પુરબ ઉર્ફે બચ્ચા નંદલાલ બજરંગે ઉ.વ ૩૯ રહે, મ.ન. ૧૩૧ બી'વોર્ડબંગ્લા એરીયારોડ કુબેરનગર અમદાવાદ સાથે બીજા દશ મળી કુલ્લે આરોપીઓ અગીયાર</u> પકડાઇ જતા તેઓની <u>અંગ જડતી તથા દાવના નાણા તથા ૧૦ મોબાઇલની મળી કુલ્લે મુદ્દામાલની કુલ્લે કિમ્મત રૂપીયા ૩૬૫૮૦/- તથા પ્લાસ્ટીકના ટોકન ૨૩૬ નંગ કુલ્લે કિ.રૂ ૧૩૬૮૦૦/-ની મતા</u> સાથે પકડાઇ જતા કાયદેસરની જુગાર ધારા કલમ ૪,૫ મુજબની કાયદેસરની કાર્યવાહી કરેલ છે

**<u>વેજલપુર પોલીસ સ્ટેશન :</u>**

**પરપ્રાંત ઈંગ્લીશ દારુ તથા બીયર કુલ્લે કિ રુ ૬,૮૧,૬૦૦/ નો મુદામાલ સાથે આરોપી સાથે પકડી પાડતી વેજલપુર પોલીસ સ્ટેશન અમદાવાદ શહેર**

આજરોજ સેકટર ૧ સાહેબ તથા નાયબ પોલીસ કમીશ્નર શ્રી ઝોન ૭ સાહેબ તથા મદદનીશ પોલીસ કમીશ્નર સાહેબ શ્રી એન ડિવીઝન ઈન્ચાર્જ શ્રી ની મૌખીક સુચના આધારે આરોપી નામે મોહમંદસલીમ અબ્બાસમીયા ઠાકોર ઉવ ૪૦ ધંધો ડ્રાઈવીંગ રહે એ/૮ પ્રિન્સ ડુપ્લેક્ષ બરફની ફેકટરી પાછળ જુહાપુરા અમદાવાદ શહેર નાઓને પોતાના કબ્જામાં વગર પાસ પરમીટે પરપ્રાંત ઈંગ્લીશ "KING WHISKY "બ્રાન્ડ દારુની બોટલો નંગ ૧૮૬ ની કિ રુ ૭૪,૪૦૦/ ગણી તથા ટીન બીયર નંગ-૪૮ જેની કિમત રુ ૭,૨૦૦/ ગણી તથા રેનોલ્ટ ડસ્ટર કાર નં GJ-01-RK-6998 ની જેની કિ રુ ૬,૦૦,૦૦૦/ ગણી કુલ્લે રુ ૬,૮૧,૬૦૦/ નો મતાનો મુદામાલ સાથે ઉપરોક્ત આરોપીઓને સદર ગુન્હાના કામે આજરોજ તા ૦૮।૦૩।૨૦૧૭ ના કલાક ૨૦।૦૦ વાગે પકડી અટક કરી પ્રશનીય તથા ઉમદા કામગીરી કરેલ છે



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

## વટવા પોલીસ સ્ટેશન :

મે. પોલીસ કમિશ્નરશ્રીના પાસા અટકાયતી હુકમ ક્રમાંક: પીસીબી/ડીટીએન/પાસા/૧૦/૨૦૧૭ તા.૦૫/૦૧/૨૦૧૭ પાસા અટકાયતી નામે શેરસિંગ ઉર્ફે સુરજસિંગ રણજીતસિંગ સન/ઓ મંગલસિંગ જાતે-ખિચ્ચી(ચિખલીગર) ઉવ. ૩૬ રહે, મફતીયાપરા વાલ્મીકી વાસ ખાડામાં ઘોઘાવદર રોડ ગોંડલ સીટી પાસે રાજકોટ ગ્રામ્ય નાઓના વિરુધ્ધમાં વટવા પો.સ્ટે. દાખલ થયેલ મિલ્કત સબંધી ગુનાઓમાં આરોપી વિરુધ્ધ હુકમ થયેલ હોય આરોપીને આજરોજ તા.૦૯/૦૩/૧૭ ના કલાક ૨૦/૦૦ વાગે પાસા અટકાયત કરી જામનગર જેલ ખાતે મોકલી આપવા તજવીજ કરેલ છે .

## અમરાઇવાડી પોલીસ સ્ટેશન :

મે પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નરશ્રી સેકટર ૨ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન ૫ સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી આઇ ડિવીઝન અમદાવાદ શહેર નાઓ તરફથી સુચનાઓ આપવામાં આવેલ કે પોલીસ સ્ટેશન વિસ્તાર માં દારૂ/જુગાર ની પ્રવૃતી અંગે ડ્રાઇવ રાખી સઘન પેટ્રોલીંગ રાખી અસરકારક કામગીરી કરવી જે ઉપરી અધિકારીશ્રીઓની સુચના આધારે મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી આઇ ડિવીઝન નાઓ સાથે અમો તથા સર્વેલન્સ સ્કોર્ડ ના પો.સબ.ઇન્સ જી.એસ.પાટીલ તથા અન્ય સ્ટાફ ના માણસો સાથે પો સ્ટે વિસ્તાર માં પેટ્રોલીંગ દરમ્યાન આજરોજ ૯/૦૩/૧૭ ના કલાક ૧૫/૫૫ વાગે અમરાઇવાડી જકસીરબારીની ચાલી ના ગલી નં.૩ માં મણીલાલ ના મકાન માં બહારથી માણસો બોલાવી પોતાના અંગત ફાયદા સારૂ જુગાર નો અખાડો ચલાવી પૈસાપાના થી હાર જીત નો જુગાર રમી રમાડતા નીચે જણાવેલ ૧૦ ઇસમોને ગંજી પાના નંગ- ૧૦૪ તથા રોકડા નાંણા રૂ.૧૧૬૧૦/- તથા મો.ફોન નંગ- ૦૫ કિ.રૂ.૩૫૦૦/- મળી કુલે કિ.રૂ.૧૫૧૧૦/- ના મુદામાલ સાથે પકડી લઇ તેઓના વિરુધ્ધ અમરાઇવાડી પો.સ્ટે.સે.ગુ.ર.નં.૩૦૨૧/૧૭ થી જુગાર ધારા કલમ ૪,૫ મુજબ ની કાયદેસર ની કાર્યવાહિ હાથ ધરેલ છે.તા.૯/૩/૧૭

(૧) મુકેશ હરીભાઇ રાઠોડ ઉ.વ.૩૨ રહે ૭ બાબુરાજારામની ચાલી હાટકેશ્વર જોગેશ્વરી રોડ અમરાઇવાડી

(૨) વિનોદભાઇ જેઠાભાઇ વાઘેલા ઉ.વ.૩૫ રહે ડાહીબેનની ચાલી પ્રભાતનગર ની બાજુ માં અમરાઇવાડી

(૩) બટુકભાઇ છગનભાઇ પરમાર ઉ.વ.૫૩ રહે ડાહીબેનની ચાલી પ્રભાતનગર ની બાજુ માં અમરાઇવાડી

(૪) બળદેવભાઇ શંકરભાઇ પરમાર ઉ.વ.૩૫ રહે મ.નં.૮ લાઇન નં.૧૦ શિતલનગર અમરાઇવાડી

(૫) નરેશભાઇ ફુલચંદભાઇ કુમાવત ઉ.વ.૫૫ રહે મ.નં.૪૯ નિતીનગર પોસ્ટ ઓફીસ ની સામે અમરાઇવાડી

(૬) કિરણભાઇ કમાભાઇ દાફડા ઉ.વ.૩૧ રહે મ.નં.૫ લાઇન નં.૯ શિતલનગર અમરાઇવાડી અમદાવાદ

(૭) સુરજભાઇ જીતેન્દ્રકુમાર બાગડે ઉ.વ.૨૬ રહે સાકરબારીની ચાલી જોગેશ્વરી રોડ અમરાઇવાડી

(૮) ભાવીનભાઇ અનીરૂધ્ધસિંહ રાઠોડ ઉ.વ.૩૬ રહે મ.નં.૩૮ નંદબાગ સોસાયટી નવા નરોડા હરિદર્શન ચાર રસ્તા પાસે નરોડા અમદાવાદ શહેર

(૯) સુહાગભાઇ સામળભાઇ પરમાર ઉ.વ.૩૦ રહે મ.નં.૧૧ ભાગ્યેશનગર સંતોષીનગર ની બાજુ માં અમરાઇવાડી અમદાવાદ શહેર

(૧૦) સુભાષભાઇ વિભુતીભાઇ શર્મા ઉ.વ.૪૫ રહે મ.નં.૧૩ રામચંદ્ર મરાઠાની ચાલી મહાવિરનગર અમરાઇવાડી અમદાવાદ શહેર



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

## <u>દાણીલીમડા પોલીસ સ્ટેશન :</u>

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૨ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૬ તેમજ મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી " કે " વિભાગનાઓ તરફથી અત્રેના પોલીસ સ્ટેશન વિસ્તારમાં ચાલતી ગેરકાયદેસરની પશુ કતલની પ્રવુતિ તેમજ દારુ/જુગાર તેમજ નાસતા ફરતા,વોન્ટેડ,ફરાર આરોપીઓને શોધી કાઢવા સુચના મળતા જે અન્વયે સિનિયર પોલીસ ઇન્સપેકટરશ્રી આર.કે.અમીનનાઓની સુચના તેમજ માર્ગદર્શન હેઠળ નીચે મુજબની કામગીરી કરેલ છે.

(૧) મદદનીશ પો.કમિ.શ્રી "કે" વિભાગ અમદાવાદ શહેર તેમજ સિનિયર પોલીસ ઇન્સપેકટર આર.કે.અમીનનાની સુચના તેમજ માર્ગદર્શન હેઠળ નાસતા ફરતા,વોન્ટેડ આરોપી તેમજ ફરાર આરોપીઓને પકડી પાડવા સારુ મ.પો.કમિ.શ્રી. "કે" વિભાગ સ્કોડના અ.હેડ.કો.વિજયકુમાર રણછોડભાઇ તેમજ અ.હેડ.કોન્સ.નરેન્દ્રસિંહ મહોબતસિંહ તેમજ બીજા સ્ટાફના માણસો પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગ નીકળેલ દરમ્યાન દાણીલીમડા ઢોર બજાર ચાર રસ્તા પાસે જાહેર રોડ ઉપર આવતા સાથેના હે.કો.વિજયકુમાર રણછોડભાઈ તથા પો.કો.ઇન્દ્રજીતસિંહ ભાવુભાનાઓને મળેલ બાતમી હકીકત આધારે વોન્ટેડ આરોપી નામે અસ્લમ જલાલુદ્દીન બશીર અહેમદ શેખ રહે.મ.નં.૨૩૩૪/૭૩ હિંદુસ્તાન કોલોની સદભાવના પોલીસ ચોકીની પાછળ વટવા અમદાવાદ શહેરનાને દાણીલીમડા પોસ્ટે ફસ્ટ ગુરનં. ૦૪/૨૦૦૮ ઇપીકો કલમ ૩૨૩, ૩૨૪ વિગેરે મુજબના ગુનાના કામનો નાસતા ફરતા આરોપીને આજરોજ તા.૦૯/૦૩/૨૦૧૭ ના કલાક : ૨૨/૩૦ વાગે પકડી પાડવામાં સફળતા મળેલ છે.

(૨) અત્રેના પોલીસ સ્ટેશન સ્ટેશનના ફર્સ્ટ ગુ.ર.નં.૧૦૭/૨૦૧૧ ઇપીકો કલમ-૪૯૮(ક),૧૧૪ મુજબના ગુનાના કામે નાસતો ફરતો આરોપી નામે જીયાઉદ્દીન મુકીમ અહેમદ શેખ રહે.એ/૯, સુનહેરીનગર બાગે કૌશરની બાજુમાં આકૃતિ ફ્લેટની સામે વટવા કેનાલ વટવા અમદાવાદ શહેરનાઓને સર્વેલન્સ સ્કોડના સ્ટાફના માણસો પેટ્રોલીંગમાં નીકળેલ તે દરમ્યાન દાણીલીમડા બેરલ માર્કેટના ઢાળ પાસે જાહેર રોડ ઉપર આવતા સાથેના પો.કો.નશરુલ્લાખાન હબીબખાન બ.નં.૯૭૧૦ તથા પો.કો.હર્ષદસિંહ ગંભીરસિંહ બનં.૪૭૮૫ નાઓને મળેલ સંયુકત બાતમી હકીકત આધારે આજરોજ તા.૦૯/૦૩/૨૦૧૭ ના કલાક : ૨૨/૦૦ વાગે પકડી લઇ નાસતો ફરતો આરોપીનાને પકડવામાં સફળતા મળેલ છે.

## <u>ઇસનપુર પોલીસ સ્ટેશન :</u>

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૨ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર ઝોન-૬ સાહેબ તથા મદદનીશ પો.કમિ.શ્રી "જે" ડીવીજન સાહેબ નાઓની મિલ્લકત સંબંધી અનડીટેક ગુનાઓ શોધી કાઢવા અવાર-નવાર સુચનાઓ મળતી હોય પો.ઇન્સ.શ્રી જે.આર.ઝાલા સાહેબનાઓના માર્ગદર્શન અને સુચના મુજબ આજરોજ સર્વલન્સ સ્કોર્ડ પો.સ.ઇ. એસ.ડી.રાતડા તથા સર્વલન્સ સ્કોર્ડના સ્ટાફના માણસોએ પેટ્રોલીંગ દરમ્યાન આજરોજ તા.૦૯/૦૩/૨૦૧૭ના ક્લાક ૨૧/૩૦ વાગે શાહઆલમ અમ્મા મસ્જીદની સામેથી આરોપીઓ <u>(૧)સુલતાન મોહમદશફી શેખ ઉ.વ.૨૬ રહે-મ.નં-ડી/૩૪ સંજર પાર્ક બેરલ માર્કેટ આર.એમ.ગલ્લાની નજીક બોમ્બે હોટલ દાણીલીમડા અમદાવાદ શહેર (૨)સોહીલ આરીફભાઇ પટેલ ઉ.વ.૨૧ રહે-મ.નં-ડી/૭ પાનવાળી ચાલી શાહઆલમ ઇસનપુર અમદાવાદ શહેર</u>નાઓને પકડી પાડી તેઓની પાસેથી લુંટના નાંણા રૂપિયા ૧૦૧૦/- તથા છરી સાથે પકડી પાડી ઇસનપુર પો.સ્ટે. ફ.ગુ.ર.નં-૩૧/૨૦૧૭ ઇ.પી.કો.કલમ ૩૯૨, ૨૯૪(ખ),૧૧૪તથા જી.પી.એકટ ૧૩૫(૧) મુજબના ગુનાનો ભેદ ઉકેલી ગુનામા અટક કરી ગુનો શોધી કાઢેલ છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**સરદારનગર પોલીસ સ્ટેશન :**

આજરોજ નારોજ મે. પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા સંયુક્ત પોલીસ કમિશ્નરશ્રી સેક્ટર-૨ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૪ નાઓના માર્ગદર્શન હેઠળ તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી 'જી' ડીવીઝન નાઓની સુચનાથી ઇન્ચાર્જ પો.ઇન્સ શ્રી ડી.એસ પુનડીયા સાહેબ સરદારનગર પો.સ્ટે ની જાણ હેઠળ તથા સ્ટાફના પો.સ.ઇ પી.જે ખરસાણ તથા મ.સ.ઇ પરમેશ્વરસિંહ કરણસિંહ બ.નં ૭૩૩૮ તથા હેકો રમેશસિંહ કાળુસિંહ બ.નં ૯૪૨૧ તથા હેકો બાબુભાઇ અળખાભાઇ બ.નં ૩૭૫૬ તથા પોકો કિરણભાઇ ચંદુભાઇ બ.નં ૫૭૭૦ તથા પોકો પ્રદીપકુમાર રામાભાઇ બ.નં ૨૮૫૫ તથા પોકો રજનીભાઇ ડાહ્યાભાઇ બ.નં ૫૧૨૧ નાઓની સાથે સરદારનગર પો.સ્ટે વિસ્તારમાં પેટ્રોલીંગમા હતા દરમ્યાન ફરતા ફરતા કલાક ૦૯/૧૫ વાગ્યે નોબલનગર ટી પાસે આવતા સાથેના હેકો રમેશસિંહ કાળુસિંહ બ.નં ૯૪૨૧ તથા પોકો કિરણભાઇ ચંદુભાઇ બ.નં ૫૭૭૦ નાઓને સંયુક્ત રીતે બાતમી હકીકત આપેલ કે એક <u>ઓટોરીક્ષા નં જી.જે ૦૧ સીવાય ૯૮૨૭ નો ચાલક પોતાની ઓટોરીક્ષામાં</u> કેટલોક પરપ્રાંતીય ઇગ્લીશ દારુ રાખી લઇ રૂબી ટી ,નંદીગ્રામ તરફથી આવી અત્રે થી પસાર થવાનો છે જેથી બે પંચોના માણસો સાથે સદરીની વોચમા રહી સદરી રીક્ષા આવતા પકડવા જતા ચાલકે ભગાડી મુકેલ જેનો પીછો કરતા ચાલક રીક્ષા વાલ્મીકી આવાસમાં મુકી નાશી ગયેલ જે રીક્ષામા <u>પરપ્રાંતની ઇંગ્લીશ દારૂ ની બોટલ ૨૨ તથા બીયરના ટીન ૧૨૦ મળી કુલ્લે કિ.રુ.૨૬૦૦૦ /- તથા રીક્ષાની કિ.રૂ ૭૦,૦૦૦/ સાથે મળી કુલ્લે કિ.રુ.૯૬,૦૦૦/-ની મત્તા ના મુદ્દામાલ</u> કબજે કરી સદરી નાશી જનાર રીક્ષા ચાલક વિરુધ્ધમા કાયદેસર કાર્યવાહી કરવામા આવેલ છે.

**સાબરમતી પોલીસ સ્ટેશન :**

નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-2 અમદાવાદ શહેર નાઓ સાહેબની સુચના અને મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી એલ ડીવીઝન અમદાવાદ શહેર નાઓના માર્ગદર્શન હેઠળ સિનીયર પોલીસ ઇન્સપેક્ટરશ્રી ડી.વી.રાણા સાહેબ નાઓની સુચના આધારે સાબરમતી પો.સ્ટે.ફસ્ટ ગુ.ર.નં.૨૦/૨૦૧૭ ઈ.પી.કો.કલમ ૩૭૯, ૧૧૪ મુજબ ના ગુનાના કામે તા- ૦૯/03/૨૦૧૭ના કલાક ૧3/00 થી ૧૬/૧૫ વાગ્યા દરમ્યાન સાબરમતી રામનગર સ્મુતી મંદીરની સામે ચંપા નિવાસ દુકાન નંબર -3,ની મોર્ડન એરા નામની દુકાન આગળ ફુટપાથ ઉપરથી કોઇ અજાણી સ્ત્રીઓ એમ.યુ.ડી. બ્રાન્ડના ૭૫ નંગ શર્ટવાળુ પાર્સલ કિંમત્ત રૂ.૨૯,૭૦૦/- ની ચોરી કરી લઇ ગયેલ હોઇ જેની તપાસ દરમ્યાન સાબરમતી પોલીસ સ્ટેશનના સ્ટાફના પો.કો. શીવાભાઇ મણાભાઇ તથા પો.કો. કમલેશકુમાર સોમાભાઇ નાઓને મળેલ બાતમી હકીકત આધારે તારીખ ૦૯/03/૨૦૧૭ના કલાક ૨૨/00 વાગ્યાના સુમારે કુબેરનગર છારાનગર સરદારનગર ખાતેથી (૧) સુનિતા વા/ઓ હરીભાઇ નાથાભાઇ મોરીયા (મારવાડી છારા) ઉ.વ.-૪૫ રહે- બી વોર્ડ સત્યનારાયણ દુધઘરની બાજુમાં કુબેરનગર સરદારનગર અમદાવાદ શહેર નં(૨) વસંતીબેન વા/ઓ રતીલાલ મગનલાલ મીણેકર(છારા) ઉ.વ.-૭૦ રહે-ફ્રી કોલોની છારાનગર કુબેરનગર સરદારનગર અમદાવાદ શહેરનાઓને પકડી તેઓ પાસેથી આ ગુનામાં ચોરીમાં ગયેલ તમામ મુદ્દામાલ જુદી જુદી સાઇઝના શર્ટ નંગ-૭૫ કિંમત્ત રૂપિયા ૨૯,૭૦૦/-કબજે કરી ગુનો ડીટેક્ટ કરવામાં આવેલ છે અને સદરી બન્ને આરોપણને આ ગુનાના કામે તા-૦૯/03/૨૦૧૭ ના કલાક-૨3/30 વાગે અટક કરેલ છે ગુનાની આગળની તપાસ એ.એસ.આઇ.ઉદેસિંહ ગુમાનસિંહ નાઓ ચલાવી રહેલ છે.

**નાયબ પોલીસ કમિશનર**
**કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.**
**પોલીસ કમિશનર વતી.**



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)